શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૩
અંક : ૫

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૬/૬/૧૧ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ પાર્ક સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.
૨. ગત વર્ષનો હિસાબ, અંદાજપત્ર તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત.
૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી કાર્યક્રમો અંગે
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

(સહી–)

તા. ૩૦/૦૫/૨૦૧૧ પ્રમુખ

**ખાસ નોંધ:** સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોચાડવા.

## સાધારણ સભા:–

અમરેલી જીલ્લા મહિલા ઔધોગિક સહકારી મંડળી લી. અમરેલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૬/૦૬/૨૦૧૧ના રોજ ૧૬ કલાકે રાખવામાં આવેલ છે. નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ પાર્ક સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. વર્ષ ૨૦૧૦–૧૧ના વાર્ષિક હિસાબ, અંદાજપત્ર, આયોજન તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત.
૩ વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

(સહી–)

તા. ૩૦/૦૫/૨૦૧૧ પ્રમુખ

**સવારમાં મોડા ઉઠે તે જીવનમાં મોડા પડે**

**શાળા સંચાલન સમિતી (એસએમસી)**

પ્રાથમિક શિક્ષણ એટલે પાંચ ધોરણ સુધીની શાળા વ્યવસ્થા જેને નિમ્ન પ્રાથમિક શિક્ષણ કહી શકાય. પાંચમાં ધોરણ સુધીની પ્રાથમિક શાળા દરેક બાળકને તેના રહેવાના ઘરથી એક કિલોમીટરના અંતરથી નજીક હોવી જોઈએ .

પ્રારંભિક શિક્ષણ એટલે છ થી આઠ ધોરણ સુધીની શાળા વ્યવસ્થા જેને ઉચ્ચ પ્રાથિમક શિક્ષણ પણ કહી શકાય. આઠમા ધોરણ સુધીની પ્રાથમિક શાળા દરેક બાળકને તેના રહેવાના ઘરથી ત્રણ કિલોમીટરના અંતરથી નજીક હોવી જોઈએ.

દરેક શાળાનો પોતાનો વિસ્તાર નકકી કરી તેની સીમામાં આવેલા તમામ રહેઠાણની નોધ તૈયાર કરવામાં આવશે. અહી રહેતા ચૌદ વર્ષની ઉંમર સુધીના બાળકોને ભણવાનો અધિકાર આપવાની જવાબદારી તેમના ઘરથી નજીકની શાળાની છે. દરેક બાળકને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર આઠ ધોરણ સુધી મફત શિક્ષણનો અધિકાર મળે છે. દરેક બાળકને ઉતમ ભણતરની તમામ સગવડો કરવાની જવાબદારી સરકાર માટે ફરજીયાત છે.

દરેક નિશાળમાં ત્રીસ વિધાર્થીએ એક શિક્ષક હશે. શિક્ષકો પાસે શિક્ષણ સિવાયના કામ (ખાસ સંજોગોમાં વસ્તી ગણતરી કે ચુંટણીને બાદ કરતા) હવેથી સરકાર કરાવશે નહી. રોજીરોટી ની શોધમાં મજુરી માટે સ્થળાંતર કરતા કુંટુબોના બાળકો માટે તેમની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ખાસ જરૂરી વ્યવસ્થાઓ સરકાર પુરી કરશે જેથી આ બાળકો તેમના માતાપિતા જેવા અભણ રહે નહી.

ખાનગી શાળાઓમાં ૨૫% પ્રવેશ, આર્થિક રીતે નબળાં તેમજ વંચિત સમાજનાં બાળકો માટે અનામત રહેશે તેમની પાસેથી કોઈ પણ પ્રકારની ફી લીધા સિવાય સમાન તકની શિક્ષણ વ્યવસ્થા આપવાની જવાબદારી ખાનગી શાળાના સંચાલક ની રહેશે.

ખાનગી શાળાઓમાં કોઈપણ પ્રકારનું ડોનેશન લેવા ઉપર પ્રતિબંધ લાગુ પડે છે. પ્રવેશ આપવામાં થતા ભ્રષ્ટાચારને રોકવા પ્રવેશ ઈન્ટરવ્યુ લઈ શકાશે નહી. પ્રવેશ સંખ્યા કરતાં વધુ અરજીઓ આવે ત્યારે ફકત લોટરી ડ્રો કરીને પ્રવેશ આપવો ફરજિયાત છે.

દરેક સરકારી શાળાના સારા સંચાલન અને ઉતમ વહીવટ માટે શાળા સંચાલન સમિતિ (એસએમસી) "School Management Committee-SMC" બનાવશે. આજ રીતે સરકાર તરફથી કોઈપણ પ્રકારના અનુદાન કે મદદ મેળવતી શાળા કે નવોદય વિધાલય, આદર્શ નિવાસીશાળા, આશ્રમશાળા જેવી નિર્દિષ્ટ વર્ગની શાળામાં પણ તેની રચના કરવામાં આવશે. સંપૂર્ણ રીતે ખાનગી અને પોતાના સાધનોથી સંચાલીત શાળાઓમાં એસએમસીની રચના કરવી ફરજીયાત નથી.

જે તે શાળાના નકકી થયેલા વિસ્તારના તમામ બાળકોને શિક્ષણનો અધિકાર મળે તેની ખાત્રી

***આત્મવિશ્વાસ એ બાહદુરીની નીશાની છે.***

કરવાની જવાબદારી એસએમસીની છે.

એસએમસીના કુલ સભ્યોની સંખ્યાના ૭૫% સભ્યો માતાપિતા, વાલીઓના પ્રતિનિધીઓ રહેશે. બાકીના ૨૫% સભ્યો ત્રણ પ્રકારના સમુહમાંથી સરખા ભાગે રહેશે, એટલે કે ૨૫% ના પહેલા ૧/૩ ભાગમાં જે તે શાળાના શિક્ષકોના પ્રતિનિધિ રહેશે. બીજા ૧/૩ ભાગમાં જે તે સ્થાનિક સ્વરાજની સંસ્થા (ગ્રામ પંચાયત કે મ્યુનિસિપલ કોર્પોરેશન કે નગર પંચાયત) ના ચુંટાયેલા સભ્યોના પ્રતિનિધીઓ રહેશે. જેઓને બાળકોના શિક્ષણમાં રસ, આવડત અને અનુભવ હોય તેવી અપેક્ષા છે.આ વિભાગમાં જે તે શાળાના ભુતપૂર્વ વિધાર્થી હોય તો સારૂ ગણાશે. નાગરીક તરીકે જે તે શાળાના ચાલું વિધાર્થીઓના પ્રતિનીધીનો સમાવેશ થાય તો તે ઉત્તમ ગણાશે.

એસએમસીના સભ્યોની સંખ્યામાં ૫૦% બેઠકો મહિલાઓ માટે અનામત છે. એટલે કે માતાપિતા, વાલીઓની સંખ્યામાં અડધી સંખ્યા બહેનોની રહેશે. આવીજ રીતે બાકીના ૨૫% ના ત્રણે ભાગોમાં (૧) પંચાયત કે મ્યુનિસિપલ કોર્પોરેશનના ચુંટાયેલી મહિલા સભ્યોના પ્રતિનિધિ, (૨) જે તે શાળાના શિક્ષિકા બહેનોના પ્રતિનિધિ, (૩) નાગરીકોમાંથી ભુતપૂર્વ વિધાર્થીનીઓ કે ચાલું શાળામાં ભણતી વિધાર્થીનીઓના પ્રતિનિધી માટે નિયત સંખ્યામાં અડધી સંખ્યા રહેશે.

શાળા સંચાલન સમિતીમાં સમાજ ના તમામ વર્ગોનો યોગ્ય પ્રમાણમાં પ્રતિનિધિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જે તે શાળામાં જુદાજુદા વર્ગ સમુહોના બાળકો અભ્યાસ કરતા હશે. એટલે કે અમુક ટકા બાળકો અનુસુચિત જાતિ (SC)ના હશે. અમુક ટકા અનુસુચિત જનજાતી (ST)ના હશે. અમુક ટકા બાળકો બક્ષીપંચ કે માંડલપંચ જાતી (OBC) સમુહોનાં અભ્યાસ કરતા બાળકોની કુલ સંખ્યામાં એસસી, એસટી, ઓબીસી બાળકોની સંખ્યા જુથવાર જુદી મેળવવાની રહેશે. આ સામાજીક જુથોને તેમના બાળકોની સંખ્યાનાં ટકાવારીના પ્રમાણમાં એસએમસી સભ્યપદ અનામત રહેશે.

એસએમસીમાં કામકાજ માટે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ હશે. તેમની વરણી માતા પિતા કે વાલીઓના ચુંટાયેલા પ્રતિનિધિ મંડળમાંથી જ કરવાની રહેશે. જયારે શાળાના આચાર્ય કે સિનિયર શિક્ષક હોદાની રુએ શાળા સંચાલન સિમિતીના સભ્ય રહેશે. જેઓ સમિતીના કન્વીનર તરીકેની ભુમિકા બજાવશે.

એસએમસીની મુદત બે વર્ષની રહેશે. તે પછી નવી સમિતીની રચના કરવામાં આવશે. આ કાયદાનું જાહેરનામું બહાર પડયાના છ માસની અંદર એટલે કે ૧લી ઓકટોબર ૨૦૧૦ સુધીમાં શાળામાં આ સમિતીની રચના થવી જોઈએ.

એસએમસીની મિટીંગ એક માસમાં ઓછામાં ઓછી એક વખત મળવી જોઈએ. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને કાર્યવાહિનોંધ બરાબર રીતે રેકર્ડ પર લેખીત રાખવામાં આવશે. તેમજ

આ કાર્યવાહિ નોંધ અને મીનીટસ જાહેર પ્રદર્શિત કરાશે જેથી દરેક નાગરીકોને સરળતાથી તેની જાણકારી મળી શકે.

દરેક એસએમસી પોતાના કાર્યક્ષેત્રની શાળા માટે શાળા વિકાસ યોજના તૈયાર કરશે. સામાન્ય રીતે આ યોજના ત્રણ વર્ષ માટે બનાવવાની છે. જેના ત્રણેય વર્ષની વર્ષવાર યોજના બનાવેલી હોવી જોઈએ. નાણાંકીય વર્ષ પુરા થવાના ત્રણ માસ પહેલાં આ યોજના બનાવવી જોઈએ. એટલે કે ડિસેમ્બર માસની આખરે યોજના તૈયાર હોવી જોઈએ.

શાળા વિકાસ યોજનામાં નીચે દર્શાવેલી બાબતોનો સમાવેશ હોવો જોઈએ. (૧) દરેક વર્ષે ધોરણ દીઠ શાળામાં દાખલ થનારા બાળ કોની સંખ્યાનો અદાજ (૨) ત્રણે વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યાના અંદાજ પ્રમાણે ધોરણ ૧ થી ૫ માટે કુલ શિક્ષકોની સંખ્યાની ગણતરી કરવી (૩) ત્રણે વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યાના અંદાજ પ્રમાણે ધોરણ ૬ થી ૮ માટે કુલ શિક્ષકોની જરૂરીયાત, જેમાં વિષય પ્રમાણેના શિક્ષકો, મુખ્ય શિક્ષકો, અડધા સમયના શિક્ષકો પ્રકાર મુજબ સંખ્યાની ગણતરી કરવી. શિક્ષકોની જરૂરી સંખ્યાની ગણતરી કરવામાં વિદ્યાર્થીઓની સંખ્યા અને શિક્ષકોની માન્ય સંખ્યાનો નકકી કરવામાં આવેલો દર ધ્યાનમાં લેવાનો છે.

શાળાની ભૌતીક સુવિધાઓ નકકી કરવામાં આવેલા ધારા ધોરણ પ્રમાણે હોવી જોઈએ. ભૌતીક સુવિધાઓ જેવી કે વર્ગખંડ, શૌચાલય, પીવાના પાણીની વ્યવસ્થા, મધ્યાહન ભોજન માટેનો શેડ, કોઠાર રૂમ, કંપાઉન્ડ વગેરેની નવી વધારાની જરૂરીયાતો કે રીપેરીંગ માટેની આવશ્યકતાઓ, આવા તમામ કામકાજ ત્રણ વર્ષ દરમ્યાન કયારે, કયા વર્ષ કરવામાં થશે. તેમજ તેના ખર્ચનો અંદાજ ગણતરી કરીને વર્ષવાર યોજનામાં જણાવવાનો રહેશે.

કયારેય નિશાળમાં દાખલ ન થયા હોય તેવા કે અધવચ્ચે નિશાળમાં જવા બંધ થયુ હોય તેવા બાળકોને તેમની ઉંમરને યોગ્ય ધોરણમાં સેતુ કાર્યક્રમથી ફરી દાખલ કરી શકાય છે. તે માટે વધારાના શિક્ષકોની માંગણી કે અન્ય સુવિધાઓની જોગવાઈ શાળા વિકાસ યોજનામાં કરવાની થાય છે.

આ ઉપરાંતની બીજી નાણાંકીય જવાબદારી જેવી કે દરેક બાળકને પાઠયપુસ્તકો, ગણવેશ મળવા જોઈએ. તેમજ આ કાયદાથી શાળાને સોપવામાં આવેલી અન્ય જવાબદારીઓ પુરી કરવા માટે આવશ્યક નાણાંકીય જરૂરીયાતોની નોંધ લઈને તેનો અંદાજ તૈયાર કરીને શાળા વિકાસ યોજનામાં સમાવેશ કરાવી તે તૈયાર થયા પછી એસએમસીના પ્રમુખ, ઉપપ્રમુખ અને કન્વિનર તેના ઉપર સહીઓ કરશે જે સ્થાનિક સ્વરાજની સંસ્થાને નિયત સમય મર્યાદા પહેલા મોકલી આપશે.

આ ચમત્કારો ત્યારે શકય થશે, જયારે હું, તમે, આપણે સક્રિય થઈશું.

**– સ્ત્રોત : ગણતર પ્રકાશીત પત્રિકા**

***હક્ક જોઈએ તો ફરજમાં રહો.***

## સ્ટાફ ડેવલોપમેન્ટ તાલીમ

સ્થળ : અમરેલી કાર્યાલય
તા. ૯–૧૦ મે, ૨૦૧૧
સહભાગીઓની સંખ્યા : ૨૦ (અમરેલી, ખાંભા, જુનાગઢ અને ધરમપુરની ટીમના સભ્યો)
ફેસીલેટટર : શ્રી નટુભાઈ મકવાણા

હેતુ કથનઃ– સંસ્થાકીય અને વ્યકિતગત આયોજન તથા સ્ટાફ ક્ષમતા વર્ધન થી વધુ માહિતીગાર થાય વ્યકિત તરીકે સંસ્થા તરીકે આપણા મુલ્યો શું છે તેવા હેતુથી આ તાલીમનું આયોજન કરેલ હતુ.

પ્રાર્થનાથી શરૂઆત કરી તાલીમાર્થીઓની અપેક્ષાઓ ચાર્ટના ટુકડા દ્વારા મેળવી બબ્બે અપેક્ષા લખી તેને વર્ગીકૃત કરવામાં આવી.

ચોકલેટની રમત રમાડી જેમાથી શીખ મળી કે સતત ભય સ્થાનો વચ્ચે સતર્ક રહેવાની ક્ષમતા ચકાસવી જોઈએ.

લીબુંની રમતથી શીખવા મળ્યું કે પોતાની જાત વિશે કેટલું જાણો છો અને એનાલીસીસ પોતાની રીતે કરવું જોઈએ, (લીંબુમાં નીશાનીની જેમ કોઈ પણ નીશાની આપણી ઓળખ હોય છે.)

પોતાના બે બે ગુણ અવગુણ લખી સ્વમુલ્યાંકન કર્યુ.

૧. હું સાચો છું સામેનો ખોટો છે (વધારે પડતો આત્મવિશ્વાસ જોવા મળે છે)
૨. હું ખોટો છું સામેનો સાચો છે (લઘુતાગ્રંથીમાં આવી જાય)
૩. તમે તમારી રીતે સાચા અને હું કહું તે પણ ખોટું નથી (હકારાત્મક અભિગમ અપનાવે છે)
૪. તમે પણ ખોટા અને હું પણ ખોટો :– નકારાત્મક અભિગમ આવી રીતે લોકો પોતાનો અભિગમ અપનાવતા હોય છે.

જોબ, વર્ક અને જોબવર્ક કોને કહેવાય તે નીચે મુજબ સમજવા પ્રયાસ થયો

જોબઃ– કામ કરવા માટે ચોકકસ સમય નકકી કરેલો હોય દા.ત ૯ થી ૫

વર્કઃ– સતત કામ કરવું કોઈ ચોકકસ સમય ન હોય સવાર થી રાત સુધી દા.ત ઢસરડો

જોબવર્કઃ– સમય તથા પ્લાનીંગ મુજબ કાર્ય જેને જે જોબવર્ક કહેવાય.

સંસ્થાના કાર્યકરોના કાર્યાનુભવની સમરી (૩૪ વર્ષ) કાઢી પછી પ્રતિભાગીઓનો પરીચય લીધો.

લીડરશીપ હોય તો ઓછા સમયમાં પણ કાર્ય સરળતાથી પાર પડી શકે છે એટલે કે પડકાર માંથી ઉકેલ મેળવી શકીએ છીએ તે પૃથ્વી પલટાવવાની રમતમાંથી શીખવા મળ્યુ.

ત્રણ જુથ માં નીચે મુજબ જુથ ચર્ચા થઈ અને તેની રજુઆત થઈ (જુથ ૧) પ્રપોઝલ, કોર્ડિનેશન અને અહેવાલ લેખન (જુથ ૨) ખેતીલક્ષી માહિતી સેન્ટર, વૃક્ષવાવેતર અને ગોકુળગ્રામ (જુથ ૩) સમસ્યાની ઓળખ, આયોજન અને અમલીકરણ.

**ઉધાર માગવા કરતા વસ્તું વગર ચલાવતા શીખો.**

ત્યારબાદ ટકાઉ વિકાસની સમજ પીરામીડ દ્વારા આપવામાં આવી હતી. જેમ જેમ લોકો જોડાશે તેમ તેમ સંસ્થાનો રોલ નાનો થતો જશે શરૂઆતમાં જરૂરીયાત વધારે હશે બાદમાં ઓછી થતી જશે અને ટકાઉ વિકાસ થશે.

ભુલભુલામણી રમતઃ– કોઈ પગલું ભરતા પહેલા વિચારવું જોઈએ અને ભુલો માંથીજ શીખવા મળે છે કંઈ પણ કરવામાં ભુલ તો થશે જ પણ આગળ શું થઈ ગયું છે તેમા સફળ થયા કે નહી તે જોઈ કાર્ય કરવું અને ભુલને ભુસી નાખવી જોઈએ. અગાઉની ભુલોને સુધારાત્મક દ્રષ્ટિકોણથી જોઈ સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેવું.

ચાલી રહેલા કાર્યક્રમો અને આયોજનઃ–પ્રોગામ વાઈઝ ગૃપ પાડવામાં આવ્યાં. તેનો મુખ્ય હેતું (૧) આવક વધારવી (૨) લાંબાગાળે સામાજીક ભેદભાવ દુર થાય (૩) જીવન ધોરણ ઉંચું લાવવું (૪) સમાનતા આ ચાર બાબતને લઈ ચાલુ ત્રણ પ્રવૃતિ અને ત્રણ નવી પ્રવૃતિઓ પર નીચે મુજબના મુદા પર થયેલ ચર્ચાની રજુઆત મોટા સમુહમા કરી અને દરેકના સૂચનો પ્રતિભાવ મેળવ્યા.

ગૃપ ૧. પાણી, સ્વાસ્થ્ય અને સેવાઓ
ગૃપ ૨. મહિલા વિકાસ અને બાળવિકાસ
ગૃપ ૩. ખેતી ને સિંચાઈ
ગૃપ ૪. રોજગાર લક્ષી તાલીમ

જેમાં પ્રવૃતિ– પ્રક્રિયા– પરીણામ– સુધારા, સુચનો અને અનુભવ જેવી બાબતો ને ઘ્યાનમાં રાખી હતી. આગામી વર્ષ માટે આયોજન કરવુ હોય તો તેમા માણસ, વિચાર, સાધન સામગ્રી, નાણા, આયોજન, સમય, રજુઆત, પરવાનગી, તાલીમ, સ્થળ, નિર્ણય, હેતુ તથા સહકાર આ બધી બાબતો જરૂરી હોય છે. તે અંગે જાણકારી આપવામાં આવી.

તાલીમ સમાપન સેશનમાં પ્રતિભાગીઓએ શીખેલી બાબતોનો અમલ કરવા કટિબઘ્ધતા દર્શાવી જેમાં માસિક અહેવાલ તથા પ્રયોજના દરખાસ્તો સારી રીતે તૈયાર કરવા પ્રયાસ કરશે.

**વાર્ષિક સંમેલન**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું બત્રીસમું વાર્ષિક સંમેલન સંસ્થાના અમરેલી કાર્યલય પર તા.૨૬/૦૬/૨૦૧૧ના રોજ સવારના ૯–૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

સંસ્થા સાથે જોડાયેલ તમામ સંસ્થાઓ, સંસ્થાના સાથી મિત્રો, ભુતપૂર્વ તથા હાલ સ્ટાફગણ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સોને આ સંમેલનમાં ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / સુચનો આવકાર્ય છે.

**એસ.એસ.કે.કે. પરિવાર**

*વિદ્યા એક વીટી છે જે વિનયના નંગ વડેજ દીપે છે*

## સ્વ રોજગાર લક્ષી તાલીમ

જુનાગાઢ જીલ્લાના ઉના તાલુકાના કાજરડી ગામે તથા તાલાલા તાલુકાના સેમરવાવ ગામે એસજીએસવાય અતંગર્ત બીપીએલ ૦ થી ૧૬ના સ્કોર ધરાવતા ૭૦ બહેનોને બે માસના સમયગાળામાં બંને જગ્યાએ સ્વરોજગાર લક્ષી તાલીમ (આરીભરત અને સીવણવર્ગ) માર્ચ ૨૦૧૧માં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા શરુ કરી હતી. આ બંને તાલીમો આ માસ દરમ્યાન પૂર્ણ થતા તાલીમ પામેલા તાલીમાર્થીઓને તાલીમ અંગેના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

સેમરવાવ ગામે તાલુકાના વિસ્તણ અધિકારી શ્રી દેસાઈભાઈ, ગ્રામ સેવક શ્રી સોલંકીભાઈ ના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત થયા આ પ્રસંગે ગામના આગેવાનો તથા સંસ્થાના પતિનિધિઓ હાજર રહયા હતા.

ઉના તાલુકાના કાજરડી ગામે તાલીમ પુર્ણ થતા તાલીમાર્થીઓને માનનીય શ્રી મહિલા અને બાળ વિકાસ મંત્રી વસુબેન ત્રિવેદીના વરદહસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. તાલીમાર્થીઓએ પોતે લીધેલ તાલીમથી હવે શરૂ કરનાર રોજગારલક્ષી કામની વિગતો આપી હતી. આ કાર્યકમમાં ધારા સભ્યશ્રી કાળુભાઈ રાઠોડ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી દીવીબેન બારૈયા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી રામભાઈ વાળા, નગર પાલીકાના પ્રમુખશ્રી વંદનાબેન શાહ, નગર પાલીકાના સદસ્યશ્રી રાજુભાઈ ડાભી, મામલતદારશ્રી કે.કે. હંસરાજાની, ઉના તાલુકા વિસ્તણ અધિકારીશ્રી એન.પી. હિરપરા, ગ્રામ સેવકશ્રી એમ. કે. જેસરીયા, ગામના અગ્રણી શ્રી સામતભાઈ તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના શ્રી પ્રમોદ જોષી, રૂડાભાઈ તથા મુકેશભાઈ ઉપસ્થિત રહયા હતા.





**સુંદર વિચારો જેની સાથે છે એ કયારેય એકાંતા નથી**

**Well wisher of this month**

| | |
|---|---|
| 840 | Anish Akruwala |
| 840 | Hemanth Peyyeti |
| 840 | Pravesh Nigam |
| 840 | ICICI Prudential LIC |
| 3575 | Manu Bhatnagar |

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**– ટપક ટીમ**

**માસ દરમ્યાન થયેલ કામગીરી**

| | |
|---|---|
| ૦૧ | જાફરાબાદ તાલુકાના ૫ ગામોમાં ખેડૂત મીટીંગ |
| ૦૨થી૦૬ | Participate in "Program on Enabling SHG members to Graduate to Microenterprises" at BIRD, Lucknow. |
| ૦૯થી૧૦ | ટીમ ક્ષમતા વર્ધન – અમરેલી |
| ૧૨થી૨૧ | પેપર રીસાયકલ તાલીમ (૧૨–૧૩, ૧૭–૧૮, ૧૮–૧૯, ૧૯–૨૦, ૨૦–૨૧) – અમરેલી |
| ૨૩થી૨૪ | એકલનારી શકિત મંચ મિંટીંગ – અમદાવાદ |
| ૨૭થી૨૮ | Meeting on research on Panchayati Raj- A'bd |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

***સારા નસીબ મહેનતની સાથે જ હોય છે.***